Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X


# યોગેશ જોષીની 'સમુડી'

**રાઠોડ વિદિશાબેન પ્રવિણભાઈ**

ગુજરાતી નવલકથામાં અત્યાર સુધી અઢળક નારી પાત્રો મળે છે. તે પછી ઈલા આરબ મહેતાની અનુરાધા હોય, રઘુવીર ચૌધરીની અમૃતા હોય, પન્નાલાલની જીવી, ઝમકુ કે રાજુ હોય, સુરેશ જોષીની વિદ્દુલા હોય કે પછી યોગેશ જોષીની સમુડી હોય. એમાં સ્ત્રીનું સ્ત્રીતત્વ છલકાયા વગર રહેતું નથી. ભલે તેમાં પરિસ્થિતિ જુદી જુદી હોય પરંતુ વેદના- સંવેદનામાં કયાંય પણ સર્જક દ્વારા નિરૂપણમાં ઉણપ જોવા મળતી નથી. સર્જક પોતાની છટાથી નારી નિરૂપણ વખતે નવલકથામાં સમાજનું એક ચિત્ર આપની સમક્ષ મૂકી આપે છે. સર્જકની આ વૃત્તિથી જ વાચક હંમેશા તેમને લખેલી કૃતિ તરફ આકર્ષાય છે.

આવી જ એક અગત્યની નવલકથા યોગેશ જોષી દ્વારા ગુજરાતી સાહિત્યમાં આલેખાયેલી છે. જેનું નામ છે : 'સમુડી'. સર્જકે આ નામ નારી પાત્રના નામ પરથી રાખેલું છે. ગુજરાતીમાં આવી ઘણી નવલકથાઓ મળે છે. જેનું શીર્ષક નારી પાત્રના નામ પરથી રાખવામાં આવેલું હોય. રઘુવીર ચૌધરીની નવલકથા 'અમૃતા'નું શીર્ષક નવલકથાની નાયિકા અમૃતા પરથી રખાયું છે, સુરેશ જોષીની નવલકથા 'વિદ્દુલા'નું શીર્ષક નવલકથાની નાયિકા વિદ્દુલા પરથી રખાયું છે, ધૂમકેતુની નવલકથા 'ચૌલાદેવી'નું શીર્ષક નવલકથાની નાયિકા ચૌલાદેવીના નામ પરથી રખાયું છે તેમ યોગેશ જોષીની આ નવલકથા 'સમુડી'નું પણ શીર્ષક નવલકથાની નાયિકા સમુડી પરથી રખાયું છે. આધુનિક સમયમાં સ્ત્રીઓ અનેક વ્યવસાય સાથે જોડાયેલી છે. રિક્ષાચાલકથી માંડીને વિમાનચાલક સુધી, ઘરકામથી માંડીને ગૃહઉદ્યોગ સુધી, રાષ્ટ્રનાગરિકથી માંડીને રાષ્ટ્રપતિ સુધીની પદવી સ્ત્રીઓએ હાંસલ કરી લીધી છે જેમાં કોઈ જ શંકા નથી. અને લગભગ આ બધા વ્યવસાય સાથે સંકળાયેલી હોય તેવી નારીનું નિરૂપણનું ગુજરાતી સાહિત્યમાં થઈ ચુક્યું છે. પરંતુ આનાથી તદ્દન નોખી તેમજ ગ્રામ્ય પરિવેશમાં ઘરનું કામ કરવા જતી કામવાળીનું આલેખન સર્જકે અહી કર્યું છે. તેમાં આવતી મુખ્ય નાયિકાના પાત્રની સમજુતી સંક્ષેપમાં નીચે પ્રમાણે આપેલ છે:

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X




ગામડાની સ્ત્રીનો પહેરવેશ, તેના ઉચ્ચારણમાં રહેલા અંગ્રેજી શબ્દો, વાળમાંથી આવતી તેલની સુગંધ અને તેનાથી ચમકતું તેનું કપાળ અને ગાલ, એક અલગ પ્રકારનો ખુમારી ભર્યો ભાવ જેવા અનેક બાહ્ય તેમજ આંતરિક ગુણો સર્જકે અહી આ લઘુનવલમાં આલેખ્યા છે. સમુડી જયારે ગામડે રહેતી હોય છે. તે સમયનો તેનો મિજાજ અલગ છે. ઇ.સ.૧૯૮૪માં પ્રગટ થયેલી લઘુનવલ ‘સમુડી’માં સર્જકે માત્ર એક કાળ, એક પ્રદેશ, કે પરિવેશ વિશે આલેખ્યું નથી.પરંતુ તેમાં ગામડા તથા શહેરના એમ બંને પ્રદેશના પહેરવેશ વર્ણવાયેલા છે. સર્જક આ લઘુનવલમાં બેધારી તલવાર જેવું કાર્ય કરે છે. શરૂઆતના સંવાદમાં જ સ્પષ્ટતા થઈ જાય છે કે સમુડી શહેરની નથી. તે ગ્રામીણ જીવન જીવીને શહેરમાં વસી છે. શાંતાબેનનો હર્ષદ જયારે સમુડીનો અવાજ ઓળખી જાય છે ત્યારે તેના વિચારો ભૂતકાળની સમુડીને ધ્યાનમાં રાખીને આવે છે. તે તુલના કરવા લાગે છે. – “ ‘આઈબરો…આઈબરો….’ એમ ગોખતી સમુડીમાં આટલો બધો ફેરફાર થાય એ કોઈનાય માન્યામાં આવે?! ‘હર્ષદભૈ…’ હર્ષદ પોતાના વિવાહ તોડવાના વિચારમાં હતો ત્યાં જ કોઈએ

બૂમ પાડી, 'ઓ....હર્ષદભૈ.....' અવાજ પરિચિત લાગ્યો. હર્ષદે જોયું તો- સમુડી! એના પતિ સાથે ઊભી થતી! ક્ષણભર તો શંકા થઈ કે શું આ ખરેખર સમુડી જ છે!"૧ હર્ષદે જે સમુડી જોઈ હતી તેનાથી આ જરા અલગ હતી. એનો અવાજ બદલાયો ન હતો પરંતુ શહેરી વેશમાં થોડી જુદી તરી આવતી હતી. મનમાં અશંખ્ય પ્રશ્નો સાથે હર્ષદ સમુડીને જોયા જ કરે છે.

આજના આ સાંપ્રત સમયમાં પ્રાદેશિક બોલીના ઘણા શબ્દો લુપ્ત થતા ગયા છે. તેથી આપણી આજની જનરેશન લઘુનવલના કેટલાક શબ્દોના ઉચ્ચારણ નહિ પણ સમજી શકે. કેમ કે આપણે તો ગુજરાતીમાં અંગ્રેજી ભેળવી દીધું છે. 'સોરી', 'થેંક યુ', 'ટેબલ', 'ટીવી' આવા ઈત્યાદી શબ્દો ગુજરાતીમાં બરાબર બેસી ચુક્યા છે. અને ઘણા એવા શબ્દો છે જે ગુજરાતીમાં હોવા છતાં લઘુનવલની નાયિકા સમુડી તેનું ઉચ્ચારણ બરાબર કરી શકતી નથી. "હર્ષદને હરસદભૈ ને પિક્ચરને પિચ્ચર ને લક્ષ્મીપૂજાને લસમી-પૂજા કહેતી ઉત્તર ગુજરાતના ગામડાગામની સમુડી! એક વરસમાં તો કેટલી બદલાઈ ગઈ છે! કે પછી ભગવાને સમુડીને નવેસરથી ઘડી કે શું?!"૨ સમુડીને જોઈ આશ્ચર્યચકિત થયેલો હર્ષદ નયના અને સમુડી વચ્ચે તુલના પણ કરે છે.-


"લઘરવઘર ઘાઘરીપોલકું પહેરીને ખેતરોમાંથી સમીસાંજે પાછા ફરતા ગાડામાં, લદાયેલા પાકની આડશ લઈને ગાડા પાછળ લટકતી સમુડી આજે સાડી પહેરીને ઊભી છે! સાડીય કેવી વ્યવસ્થિત! પાટલી વ્યવસ્થિત વાળી છે! ખભા પાછળ લટકતો છેડોય વધુ પડતો ઊંચો કે નીચો નથી! નયના તો હજુય બે-ત્રણ વાર પાટલી ન વાળે ત્યાં સુધી બરાબર વળતી જ નથી! ને સાડી પહેરી લીધા પછીયે કોકને કહેવું પડે કે અલી, પાછળની કિનારી સહેજ ખેંચ તો! ને આ સમુડી એક વરસમાં તો કેટલી બદલાઈ ગઈ! એવું તે કયું બળ છે કે જેણે સમુડીને નવેસરથી ઘડી! એનામાં પહેલાની 'સમુડી' જાણે કે છે જ નહિ!"૩ ગામડાની સમુડી ગાડા પાછળ લટકવાનું જાણતી હતી. પણ શહેરમાંથી પાછી ફરેલી સમુડી હવે પહેલા જેવી લગતી ન હતી. હર્ષદ સમુડીના બ્રાહ્ય દેખાવ પરથી જ મનમાં વિચારે છે કે શું ભગવાને ફરી બીજી નવી સમુડી બનાવી દીધી?

સમુડીમાં આવેલા બદલાવને કારણે હર્ષદ તેને ઓળખી પણ શકતો નથી. માત્ર તેનો અવાજ જ ઓળખે છે. હર્ષદ સમુડીનું સૂક્ષ્મ નિરીક્ષણ કરે છે. અને ત્યારે તેને ખ્યાલ આવે છે કે ખરેખર આ સમુડી જ છે. "સમુડીને જલદી ન ઓળખી શકવાનું કારણ હર્ષદને છેક હવે સમજાયું. પહેલાં તો સમુડીની બેય ભમ્મરો કપાળમાં એકમેકને જોડાયેલી રહેતી. પણ અત્યારે તો આય-બ્રો સરખી કરાવેલી! કોઈ ચિત્રકારે જાણે હમણાં તાજી જ ન ચીતરી હોય! કદાચ આય-બ્રો પિન્સલ પણ થૂંકવાળી કરીને બરાબરની ઘસી લાગે છે!"૪ સર્જકે અહી લઘુનવલની શરૂઆતમાં જ સમુડીના બ્રાહ્ય દેખાવનું વર્ણન કરી આપ્યું છે. ગામડામાં રહેતી પહેલાની સમુડી જયારે નયનાને પહેલીવાર જુએ છે ત્યારે તેની ભમ્મરો હાથ અડાડી તપાસે છે કે ભમ્મરો અસલી છે કે બનાવટી? આવી સમુડી હવે શહેરથી પાછી ગામડે આવે છે તો તેનું રૂપ જુદું છે. હર્ષદ ભૂતકાળની સમુડીને યાદ કરી વર્તમાન સાથે સરખાવે છે.

'સમુડી' લઘુનવલમાં યોગેશ જોષીએ મુખ્ય નાયિકા પાત્રમાં જે વર્ણન કર્યું છે તે અદ્ભુત છે. એક સો વીસ થી એક સો અઠ્યાવીસ પૃષ્ઠમાં લખાયેલી આ લઘુનવલમાં અનેક ઘટનાઓ તેમને વર્ણવી છે. કેટલીક ઘટનાઓ તો ગામડાની સ્ત્રીઓને પ્રેરણા આપે તેવી પણ છે: " સમુડીને લખવા-વાંચવાનો ભારે શોખ. બપોરનો એંઠવાડ પતાવીને એ શાંતાફૈબા પાસે ભણવા બેસતી. ને એમની પાસે જ લખતાં-વાંચતાં શીખી. 'અંગરેજી' શીખવાનો તો ભારે શોખ. પણ શાંતાફૈબાને આવડે નહિ ને હર્ષદ શીખવાડે નહિ. તે શું થાય? છતાંય, છોકરાંઓ શબ્દો ગોખતાં હોય ત્યારે જે શબ્દો કાને પડે તે બરાબર યાદ રાખી લે."૫ સમુડીને અંગ્રેજી શીખવાનું જનુન હતું.

લઘુનવલમાં સર્જકે સમુડીનો ચહેરો એકદમ પારદર્શક રાખ્યો છે. જે પાછળ જતા એમાં પરિવર્તન આવતું નથી. જેમ કે તે શહેરથી આવે છે. પરંતુ તેમાં નયના જેવું અભિમાન આવતું નથી. આથી જ આ  પાત્ર કંઈક વિશેષ છે. શહેરથી આવેલી સમુડી વિશે નીચે પ્રમાણેના બદલાવો જોવા મળે છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X




નયના સાથે તુલના કરતો હર્ષદ સમુડીથી પ્રભાવિત તો થાય છે. પરંતુ તેને મન અતીતની સમુડી ભુલાઈ નથી. ઘણીવાર તેને સમુડી તરફ આકર્ષણ પણ થાય છે. અને એકવાર હર્ષદ સમુડીને ચુંબન પણ કરી દે છે. સર્જકે હર્ષદ દ્વારા પુરુષ દ્રષ્ટિકોણનું પણ અહી વર્ણન કર્યું છે જેમાં હર્ષદ કેટલીકવાર સમુડીથી આકર્ષાઈને તેની સામે જોઈ રહે છે. સર્જક આ ઘટનાનું વર્ણન કરતા લખે છે કે:

" ક્યારેક ક્યારેક હર્ષદ, સમુડી વાસણ માંજતા હોય ત્યારે એના પોલકામાંથી દેખાતો બેય સ્તનનો થોડોક ભાગ અને વચ્ચેની ઊંડી ખીણ તરફ તાકી રહેતો. સમુડી ઢીંચણથીયે ઉપર ચણિયો લઈને કપડાં ધોતી હોય ત્યારે હર્ષદ ક્યારેક એની થરથરતી માંસલ જાંઘને જોયા કરતો." 6  સમુડી પ્રત્યે હર્ષદને એક તરફનો લગાવ છે. ક્યારેક તે પોતાની પત્ની નયનાની તુલના કરતા કરતા સમુડીના વિચારે પણ ચડી જાય છે. પરંતુ તેની સમસ્યાને તે શાંતાબેન કે તેના પિતાને જણાવી શકતો નથી. એને મન આ બધું

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

ઠીક થઈ જશે. પરંતુ નયનામાં વર્તન બદલાતું નથી. તે બ્રાહ્ય દેખાવથી જેટલી સરળ છે એટલી જ અંદરથી તે કઠોર છે. આ વાત હર્ષદ સારી પેઠે જાણે છે. તેમજ તેના આ સ્વભાવને કારણે તે નયનાને છુટ્ટું આપવાનું પણ વિચારે છે. અને ત્યાં જ લઘુનવલની નાયિકા સમુડીનો શહેરથી ગામડે પ્રવેશ થાય છે. અને હર્ષદ પોતાના છૂટાછેડની વાત ભૂલી જઈને માત્ર સમુડી વિશે વિચારે છે.

**<u>સંદર્ભસૂચી :</u>**

૧. સમુડી, યોગેશ જોષી, 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ, પ્રથમ આવૃત્તિ : 1984, પ્રકાશક : બાબુભાઈ એચ. શાહ પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃષ્ઠ.૧૪

૨. એજન.નં.૧૫

૩. એજન.નં.૧૫

૪. એજન.નં.૧6

૫. એજન.નં.૨૮

6. એજન.નં.૨૮